બોલ

આદિવાસી બાળકોનું બાલપત્ર

અંક : ૪

જૂન - ૨૦૨૫



આદિવાસી બાળકોનું બાલપત્ર

જૂન ૨૦૨૫
વર્ષ ૧, અંક - ૪

સંપાદક : વસંત રાઠવા

ચિત્રકાર : નજરૂ રાઠવા

અક્ષરાંકન : ભાવસિંગ રાઠવા, રામસિંગ રાઠવા

બુક ડિઝાઈન : સંજય રાઠવા

સલાહકાર : ડૉ.મદન મીણા

નિર્માણ, સંયોજન, અને આયોજન : વસંત રાઠવા, ગોપસિંગ રાઠવા, અર્જુન રાઠવા

પ્રકાશક : ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર
૩, પરિચય પાર્ક, મહારાણા પ્રતાપસિંહ સર્કલ પાસે દિવાળીપુરા- જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭, ગુજરાત

ફોન નં. : ૯૮૭૯૭૨૬૪૪૧

ઈ-મેઈલ : bhasharesearch@gmail.com

વેબસાઈટ : www.bhasharesearch.org

આદિવાસી બાળકોનું બાલપત્ર ઈ-બુક PDF ફોર્મેટમાં કરવામાં આવેલ છે.

અનુક્રમણિકા

'બોલ' ના વાચકમિત્રોને વિનંતી છે કે 'બોલ'માં સમાવાયેલ વિષયોને અનુરૂપ જો કોઈ લખાણ તમારી પાસે હોય અથવા આપને લખવાની ઈચ્છા હોય તો તે લખી નીચેનાં સરનામે મોકલશો.

સંપાદક : 'બોલ'

વસંત રાઠવા

વસંત શાળા, આદિવાસી અકાદમી, તેજગઢ,

તા.જી. છોટાઉદેપુર

મો.૯૮૭૯૭૨૬૪૪૧

સંપાદકીય

બાળ દોસ્તો,


આપણે સૌએ રોજ અનેક પ્રકારના સપનાઓ જોઈએ છીએ. સપનાઓ જોવા જઈએ. આ સપનાઓ દ્વારા એ આપણી કારકિર્દી અને આપણું જીવનનો એક ભાગ રહ્યો છે. દરેકના સપનાઓ અલગ અલગ હોય છે એ એમના જીવન અને ઉંમર પર આધારિત હોય છે બાળમિત્રો આપણા સપના પણ આપને જોવા જઈએ અને એ સપના આપણે પુરા કરવા હોય તો બાળપણથી જ એ સપના દ્વારા આપણે નક્કી કરવાનું કે મારા ભવિષ્યના જીવનનો ભાગ હું કઈ રીતે પ્રસારિત કરીશ અને એ સપનાના આધારે આપણે મહેનત, લગન, વાંચન, મહેનત કરવી પડે તો દોસ્તો અત્યારે આજે સમય છે એ જૂન માસ આ જૂન માસમાં નવા નવા બાળકો જેવો પહેલી વાર શાળાઓમાં નવા ઉમંગ સાથે સ્કૂલમાં દાખલ થાય છે અને ત્યાં જઈને જીવનની નવી શરૂઆત કરે છે એ જીવનમાં પહેલીવાર પોતાના જીવનનું ઘડતર થાય એ માટે શાળાઓમાં પ્રવેશ કરે છે ની પ્રવેશ કર્યા બાદ શિક્ષણમાં અનેક પ્રકારના વિષય સાથે જ્ઞાન મેળવી અને એ જ્ઞાન પોતાના જીવનમાં અને પોતાના કુટુંબને સમાજને આગળ લઈ જવા માટે આ સપનાઓ દ્વારા આ મહેનત દ્વારા આપણે એક સમયે આપણા સપના પૂરા કરીએ છીએ. તો એ પૂરા ક્યારે થાય જ્યારે આપણે આપણી મહેનત અને અભ્યાસ કર્યા પછી એ અભ્યાસમાં સંપૂર્ણ જવાબદારી પૂર્વક આપણું જીવન ઘડતરમાં શાળાના મિત્રો ગુરુજીઓ અને આપની આસપાસનું વાતાવરણ આપણા સમાજના અને આપણા જીવનમાં જોડાયેલા લોકો જે આપણને પ્રેરણા આપે છે. આપના જીવનમાં શિક્ષણ ની ખૂબ મોટી અસર રહેલી છે શિક્ષણ દ્વારા આપણું જીવન અને આપણા કુટુંબનું જીવન માં બદલાવ લાવી શકીએ છીએ. તો

આ સમયે જૂન જુલાઈ એટલે શાળાઓમાં નવા ભૂલકાઓ શાળામાં જઈને એકદમ વાતાવરણને પ્રફુલિત કરી દે છે તો ચાલો દોસ્તો આપણે નવા બાળકો અને નવા દોસ્તો બધા જોડે મળીને આપણે પોતે પણ ભણીએ અને બીજાને પણ ભણાવીએ.

વૈશાખીના વાયરા

આ રે ઓલ્યા જાય રે વૈશાખીના વાયરા
દોરો ગુંજે છે મેદાના અમીર રે
મેઘરાજ આવે
ઓ રે ઓલ્યા ગાય રે વનના મોરલા
લાવે લીંબુડા લહેરંતા ચીર રે
કઈ દિનોની ધરતી તરસી
વીનવે મેદાને જાને વરસી
કાળી ઘોરઘટા ગગને છવાય... મેઘરાજ
ધરતી આકાશને પુકારે
આવે મેહુલ્યા મારે દ્વારે
વાટયું જોતી ધરતી ઊભી થનઘટને ઓવારે
એના આભલામાં પગલાં વરતાય રે.

બાવાની ઝૂંપડી (વારતા)



એક જંગલ હતું. જંગલમાં એક શિયાળ અને કૂતરો રહેતા હતા. એક દિવસ ખોરાકની શોધમાં બંન્ને જંગલમાં નીકળી પડ્યા. રસ્તામાં જતા તેઓ કહેવા લાગ્યા કે આપને બન્ને મિત્રો અલગ અલગ રસ્તે જઈએ. બન્ને મિત્રો છૂટા પડ્યા. શિયાળ જે બાજુ જતો હતો તે રસ્તા પર એક બાવાની ઝૂંપડી આવી. ઝૂંપડીમાં કોઈ હશે એવું વિચારી તે ઝૂંપડીમાં પેસી ગયું. ઝૂંપડીમાં પેસી તે ખીચડી ને શાક ખાતું હતું. એટલામાં બાવો ભિક્ષા લઈને ઘરે આવ્યો. બાવાને ઝૂંપડીમાં કોઈક હોય એવું લાગ્યું. બાવાએ પૂછ્યું. “મારી ઝૂંપડીમાં કોણ છે?” ત્યારે ઝૂંપડીમાંથી અવાજ આવ્યો.

“શિયાળભાઈ શાકરીયા જમના પગે ડામ ભાગ બાવા ભાગ નહીંતર. તારી તુમડી તોડી નાખો.”

બાવાને બરાબરની બીક લાગી. એ તો ગામ બાજુ ભાગવા લાગ્યો. સીધો પટેલને ઘેરે જઈ પટેલને ઝૂંપડીમાં તેડી લાવ્યો. પટેલ આવીને કહેવા લાગ્યો. “ભૂવાની ઝૂંપડીમાં કોણ છે? પાછો અંદરથી અવાજ આવ્યો. શિયાળભાઈ શાકરીયા જમના પગે ડામ ભાગ પટેલ ભાગ નહિંતર તારી ધોતી ફાડી નાખું. શિયાળનો અવાજ સાંભળીને બાવો અને પટેલ ભાગવા લાગ્યા. ભાગતા જઈને પટેલે કહ્યું, હું ગામના સરપંચને તેડીને આવું છું. આમ કહીને બાવો અને પટેલ ત્યાંથી જતા રહ્યાં. બીજી તરફ શિયાળ ઝૂંપડીમાંથી બહાર નીકળી ને ધીરે રહીને જંગલમાં જતું રહ્યું. રસ્તામાં તેણે એનો મિત્ર કૂતરો મળ્યો. કુતરો કહેવા લાગ્યો, મિત્ર તને આજે ખાવાનું મળ્યું કે? શિયાળ કહેવા લાગ્યો, આજે તો મેં પેટ ભરીને ખાધું. આમ વાતો કરતા કરતા તેઓ જંગલમાં જતા રહ્યા. બાવો પણ બીતો બીતો ઝૂંપડીમાં પાછો ગયો.

બીજા દિવસે પાછા શિયાળ અને કૂતરો ખોરાકની શોધમાં જંગલમાં નીકળી પડ્યાં. તે જ રસ્તે આવીને કૂતરો કહેવા લાગ્યો, આજે મિત્ર હું તારે રસ્તે જાઉં અને તું મારે



રસ્તે જા. કૂતરો જતો હતો તો રસ્તામાં પેલા બાવાની ઝૂંપડી આવી. બાવો નદીએ ગયો હતો. કૂતરો આમ તેમ કોઈ ન દેખાયું, એટલે સીધો ઝૂંપડીમાં જતો રહ્યો. બાવાએ બનાવેલી રસોઈ ખાવા લાગ્યો. એટલામાં બાવો ઘરે આવી ગયો. બાવાને લાગ્યું કે આજે પણ મારી ઝૂંપડીમાં કાલ વાળો ચોર લાગે છે. બાવો બોલ્યો. મારી ઝૂંપડીમાં કોણ છે? કૂતરો કહે "કુતરાભાઈ શાકરીયા જમણા પગે ડામ, ભાગ બાવા નહીંતર, તારી તુમડી તોડી નાખું." બાવાને ગુસ્સો આવી ગયો. તે બોલવા લાગ્યો. "આજે તારી વાત છે." તે તો દોડતો દોડતો ગામમાંથી સરપંચ અને પટેલને લઈ આવ્યો. ત્રણેય જણ ઝૂપડીમાં ગયા અને કુતરાને લાકડીથી ખૂબ જ માર્યો. કૂતરો જેમતેમ પોતાનો જીવ બચાવી જંગલ બાજુ ભાગવા લાગ્યો. રસ્તામાં એને શિયાળ મળ્યું શિયાળ કહે, "કેમ મિત્ર, આજે ખાવાનું મળ્યું કે નહીં?" કૂતરો કહે ખાવાનું તો દૂર પણ એટલો બધો માર મળ્યો કે બીજે દિવસે આ રસ્તા પર તો શું આ બાજુ નજર પણ ના કરું. આમ વાતો કરતા કરતા બંને મિત્રો પોતપોતાના ઘરે જતા રહ્યા.



સાત પરી (વારતા)

એક ડુંગર હતો. ડુંગરમાં ઘણા નાના મોટા પક્ષીઓ રહેતા હતા. એ ડુંગર ઉપર ગોવાળો વાંસળી વગાડતા, જેથી મેળો ભરાયો હોય એવું લાગતું હતું. એ ડુંગર ઉપરથી એક નાનું ઝરણું પણ વહેતું હતું. એ ડુંગરની જોડે એક જંગલ પણ હતું. જંગલમાં ઘણા પ્રાણીઓ અને પક્ષી પણ રહેતા હતા. જંગલથી થોડે દૂર એક નાનકડું ગામ હતું. ગામમાં એક ગરીબ કુટુંબ રહેતું હતું. તેમાં માતા-પિતા અને એમના ત્રણ બાળકો રહેતા હતા. એમની ખેતી ન હતી. ખાવા માટે પણ કશું ન હતું. એમના બાળકોમાંથી એક નાનો ભાઈ બિમાર પડ્યો. એની સારવાર કરવા માટે પૈસા ન હતા કે દવા પણ ન હતી. ડુંગરની બાજુમાં જંગલમાં દવા મળતી હતી. મોટા ભાઈને ખબર પડી એટલે મોટો ભાઈ સવારમાં એક લાકડી લઈને જંગલમાં દવા શોધવા નીકળ્યો. એને એ ન ખબર પડી કે જંગલમાં પ્રાણીઓ પણ રહે છે. એ દવા શોધતો શોધતો દૂર જંગલમાં ગીચ જગ્યાએ પહોંચી ગયો. એટલામાં એને સિંહનો અવાજ



સંભળાયો અને આ બીકથી સંતાવા લાગ્યો. એટલામાં જ એક પથ્થર સૂર્યની જેમ પ્રકાશવા લાગ્યો. તેમાંથી સુંદર મજાની નાની નાની સાત પરીઓ નીકળી. છોકરો તો વધારે ગભરાયો. એક પરી બોલી, તું ગભરાઈશના હું તારી અને તારા કુટુંબની પરિસ્થિતિ જાણું છું. તું શા માટે અહીંયા આવ્યો છે તે પણ જાણું છું".

એ પરીએ છોકરાને દવા આપીને એક વીંટી આપી અને કહ્યું, "તારે જ્યાં જવું હોય ત્યાં જઈને વીટી ઘસજે. તું પુનમની રાત્રે તમારા ગામમાં એક વડનું ઝાડ છે ત્યાં જજે. એ ઝાડ નીચે એક સોનાનો ઘડો હશે. એની અંદર સોનામહોર હશે. તને જરૂર પડે તો અમને યાદ કરજે".

એ છોકરો ખુશ થઈ ગયો અને ઘરે પહોંચ્યો. પુનમની રાતે વીંટી ઘસી વડના ઝાડ નીચેથી સોનામહોર ઘરે લઈ આવ્યો. કોઈ ચોર આવે તો એ સાત પરીઓને યાદ કરી લેતો. આમ એ એના મા બાપજોડે ગુજરાન ચલાવવા લાગ્યો.



એક વાત (ગીત)

એક વાત આ વાત કદીના ભૂલાય
નિશાળે તો લેશન કરાય
ઘરમાં બાને મદદ કરાય
મેદાને જઈ રમત રમાય..
આ વાત કદી ના ભુલાય...
શિયાળામાં ઠંડી વાય ઉનાળામાં રૂ વાય
ચોમાસામાં બીજ વવાય ....આ વાત કદી ના ભુલાય...
આપણાથી મોટાને માન અપાય
આપણાથી નાનાને લાડ કરાય
આપણા જેવા સરખા ની દોસ્તી કરાય... આ વાત કદી ના ભુલાય
પચક પચક કરતાં ખાણુ ન ખવાય.
ઘુંટ ઘુંટ કરતાં પાણી ના પીવાય
ઘસરક ઘસરક કરતા પગના ઘસાય. આ વાત કરી ના ભૂલાય.



ઓઢણી (વારતા)

એક ગામ હતું. ત્યાં એક ઘર હતું. ત્યાં બે ભાઈ બહેન રહેતા હતા. તેઓ મોટા થયા એટલે ભાઈના લગ્ન થયા અને બહેન ભાઈ અને ભાભી સૌ સાથે રહેવા લાગ્યા. ત્યાર પછી બહેનના પણ લગ્ન બીજે ગામ થયા. એક દિવસ તેમના મામાને ત્યાં લગ્ન હતા એટલે બહેન ભાઈને ત્યાં આવ્યા. એ બહેને તેમની ભાભી પાસેથી ઓઢણી માગી. ભાભીએ કહ્યું કે મારી ઓઢણી પર એક પણ ડાઘો ના પડવો જોઈએ.
ઓઢણી પહેરી બહેન લગ્નમાં ગઈ. લગ્નમાં રસ્તા પર આવતી હતી એવામાં એક બગલો તે બહેનની ઓઢણી પર ચરક્યો. તે ઓઢણી પર ડાઘો બેસી ગયો. તે ઘરે ગઈ, તેની ભાભીએ ડાઘો જોયો. એટલે તેની ભાભીએ ભાઈને કહ્યું, "તું તારી બેનને નદીએ લઈ જા. તેને પેલુ પાણી પીવડાવજે પછી એને તલવારથી મારી નાખજે." છોકરી અને તેનો ભાઈ નદીએ ગયા. ત્યાં ભાઈએ એક ખાડો ખોદયો. બહેનને



ભાઈએ પાણી પીવડાવ્યું. પછી ભાઈએ બહેનનું તલવારથી માથું કાપી નાખ્યું. ભાઈ બહેનની લોહી રંગેલી ઓઢણી ઘરે લઈ ગયો. જ્યાં બહેનનું માથું કાપ્યું હતું ત્યાં એક દાડમ ઊગી નીકળ્યું. બહેન સાસરે ન પહોંચતા તેની નણંદ તેડવા જાય છે. તેવામાં ત્યાં દાડમ લહેરાઈને ગીત ગાય છેઃ

'નણંદ મારા કોને તેડવા ગયેલા, કોને તેડી લાવીયા.
ભાઈએ મારેલી બેનડી રંગભીજાય ઓઢણી.
દાડમના ફુલા ફુલા વીણી લઈ જાજો,
ભાઈએ મારેલી બેનડી રંગભીજાય ઓઢણી.'

પણ નંદણને કઈ સમજ ના પડી. તે ઘરે એકલી જ પાછી ફરી અને પોતાની માતાને વાત કરી. આથી બહેનની સાસુ વહુને તેડવા આવે છે. બહેનની સાસુએ ભાઈના ઘરે જઈને કહ્યું, મને મારી વહું જોઈએ. બહેનનો ભાઈ કશું બોલ્યો નહીં પણ જ્યાં દાડમ હતું ત્યાં તેમણે લઈ જાય છે. ફરી પાછું દાડમ લહેરાઈને ગીત ગાય છેઃ

'સાસુ મારા કોને તેડવા ગયેલા, કોને તેડી લાવીયા,
ભાઈએ મારેલી બેનડી ભાઈએ મારેલી બેનડી,
દાડમના ફુલા ફુલા વીણી લઈ જાજો રંગભીજાય ઓઢણી.'

બહેનની સાસુ દાડમના ફુલા વીણીને ઘરે લઈ જાય છે. ત્યાં જે બહેનને મારેલી તે જીવી જાય છે. બહેનને મારવાવાળા ભાઈને પસ્તાવો થાય છે. તે બહેનના ઘરે જઈને કહે છે, મારી ભૂલ થઈ, મને માફ કરો, આ વાત સાંભળીને એની પત્ની પણ માફી માંગે છે અને સૌ કુટુંબીજનો હળી મળીને રહેવા લાગે છે. તો બાળકો આપણે ખોટા કાર્યમાં કદી સાત આપવો નહીં.

શું તમે જાણો છો ?

(૧) ધોધમાં પડતા પાણીમાં કઈ ઊર્જા રહેલી છે?

રાસાયિણક　　યાંત્રિક　　સ્થિત　　ધ્વનિ

(૨) ગુજરાતમાં સૌથી છેલ્લે સુર્યોસ્ત કયા જીલ્લામાં થાય છે?

ભાવનગર　　સુરેન્દ્રનગર　　કચ્છ　　અમરેલી

(૩) ઊગતા સુર્યનો દેશ કયો છે?

જર્મની　　જાપાન　　ઈંગ્લેન્ડ　　ફ્રાંસ

(૪) નીચેમાંથી કયું લોકનૃત્ય ગુજરાતનું નથી?

ભીલ નૃત્ય　　ગોફગુથાગ　　મુખોટા　　ટિપ્પણી

(૫) કયો વાયુ છોડનો ખોરાક છે?

ઓક્સિજન　　નાઈટ્રોજન　　ઓઝોન　　કાર્બન ડાયોકસાઈડ

(૬) ભારતમાં સૌથી વધારે સોયાબીન કયા રાજયમાં થાય છે?

મધ્યપ્રદેશ　　પં.બંગાળ　　કર્ણાટક　　ઓડિશા

(૭) ભારતનું કયું ફૂલ સૌથી વધુ વ્યાપારિક રીતે ઉપયોગી છે?

કમળ　　ગુલાબ　　સૂર્યમુખી　　મોગરો

(૮) નીચેનામાંથી કોનુ થડ મજબૂત હોય છે?

આસોપાલવ　　ખજૂરી　　નાળિયેર　　વડ

(૯) તંબુરાના જાણીતા વાદક નીચેનામાંથી કોણ છે?

ઈમરતખા　　કમલાચક્વર્તી　　ગુલામ સાબરખા　　શિવકુમાર શર્મા

જવાબઃ (૧) યાંત્રિક (૨) કચ્છ (૩) જાપાન (૪) મુખોટા (૫) કાર્બન ડાયોકસાઈડ (૬) મધ્યપ્રદેશ
(૭) સૂર્યમુખી (૮) આસોપાલવ (૯) કમલાચક્વર્તી

કાચબો અને બગલો (વારતા)

એક તળાવ હતું. ત્યાં નજીક એક મોટું ઝાડ હતું. ઝાડ ઉપર બગલો રહેતો હતો. તે રોજ નદી કિનારે એક નાનું ઝાડ હતું. તે ઝાડની પાછળ સંતાઈને રોજ એક એક કાચબો પકડી લઈ જતો. કાચબા ભાઈએ એક દિવસ વિચાર કર્યો કે આ બગલાભાઈ તો રોજના એક એક કાચબો ખાઈ જશે તો કાચબાની નામ નિશાની જતી રહશે. ત્યાં એક ડાયો કાચબો હતો. ત્યાં ફરતો ફરતો તે ગયો અને ડાયા કાચબાભાઈને કહ્યું, “કાચબાભાઈ, તમે તો ઘણી ઉંમરના છો, તો મેં તમારી પાસે એક પ્રશ્નને લઈને આવ્યો છું. આ તળાવમાં કાચબાની ઘણી વસ્તી છે અને અહીં રોજ એક બગલાભાઈ આવે છે અને તે રોજ એક એક કાચબો ખાઈ જાય છે. આપણે શું કરી શકીએ કે જેથી બગલાભાઈ આપણને ન ખાય. ત્યારે ઘણી ઉંમરના એક કાચબાભાઈ બોલ્યા,



“એનો એક ઉપાય છે તમે ધ્યાનથી મારી વાત સાંભળો. કાચબા ભાઈ આપણે બગલા ભાઈ સાથે હરીફાઈ રાખીએ. બગલા ભાઈને બોલાવી અને કહો કે આ તળાવની પેલે કિનારે જે પહેલા પહોંચી જાય તે જીતે. જો આ હરીફાઈમાં તમે પહેલા પહોંચી જાવ તો તમને રોજના એક કાચબો મોકલી આપીશું. અને જો તમે હારી જાવ તો તમને અમારી એક વાત માનવી પડશે. જો તમે આ હરીફાઈમાં હારી જશો તો તમારે આ ઝાડ પરથી જતું રહેવું પડશે. જો આવી રીતે વાત કરશો તો આપને ચોક્કસ જીતી જઈશું. પણ કેવી રીતે જીતી જાશું. “ડાયા કાચબા ભાઈએ કહે તમને એક યુક્તિ બતાવું છું. આપણે જેટલી કાચબાની વસ્તી હશે એટલાને બધાને ભેગા કરીએ. પછી બધા એક પછી એક લાઈનમાં રહે. જ્યારે આપણે પેલે પાર જવાનું શરૂ કરીએ ત્યારે એક પછી એક કાચબાનું માથું ઊંચું થશે અને તરત જ નદીને પેલે પાર પહોંચી જઈશું. તો ચાલો કાચબા ભાઈ હું બગલાભાઈની પાસે જાઉં




છું. કાચબો કહે “બગલાભાઈ બગલા ભાઈ આજે મેં તમારા સાથે એક વાત કરવાનો છું.” બગલાભાઈએ કહ્યું, “તો કહોને કાચબાભાઈ એવી કઈ વાત છે કે જે આજે તમારે મને કહેવા આવવું પડ્યું.” કાચબાભાઈએ કહ્યું “બગલાભાઈ આપણે એક હરિફાઈ રાખવાની છે. જો તમે આ હરીફાઈમાં જીતી જશો તો તમને અમે રોજના એક કાચબો આપીશું. પણ જો તમે હારી જશો તો આ ઝાડ પરથી તમારે ભાગી જવું પડશે. જો તમને આ મંજુર હશે તો આપને હરીફાઈ રાખીએ.”

બગલાભાઈ હસી પડ્યા, ‘હું તો જીતી જઈશ. તો ચાલો હરિફાઈ રાખીએ.’ આમ કાચબા ભાઈએ બધા કાચબાને લાઈનમાં ગોઠવી આપ્યા બગલા ભાઈને કહ્યું “ચાલો હવે જઈએ.” એટલે બગલા ભાઈ પણ ઉડવા લાગ્યા આમ કા ભાઈ પણ એક પછી એક માથું ઓછું કરવા લાગ્યા અને કાચબા ભાઈ પેલી પાર પહેલા પહોંચી ગયા ભગલા ભાઈ હારી ગયા છેલ્લે બંગલા ભાઈ ને તે ઝાડ પરથી ભાગી જવું પડ્યું.




મેહુલિયો (ગીત)

આવને આવને મેહુલિયા આવ
ઘરણીનો જાયો જુએ તારી વાટ
તારે વિના મારાં ખેતરો સુકાયા
વાયરાની વેણુના સુર ક્યાં સંતાયા
એવું રે ટહુકો ઓ વનના રે મોરલા
ટહુકો સુણીને દોડી આવશે રે મેહુલો
આવને આવને મેહુલિયા આવ.



ઘંટી



બાળમિત્રો મને ઓળખો! તમારા દરેક ઘરમાં હું રહું છું. તમારા ઘરના સભ્યોએ લીધેલ કામની જવાબદારીમાં મને પણ એક જવાબદારી આપેલ છે. જે હું નિષ્ઠાપૂર્વક નિભાવું છું. હું દરરોજ સમયસર તથા ગુણવત્તા પૂર્વક લોટ આપવામાં તમને મદદ કરું છું. મારે જમવા માટે ફક્ત અનાજ જ જોઈએ છે. જેમાં મકાઈ, અળદ, તુવેર, વાલ, મગ, મઠ આ મારો મુખ્ય ખોરાક છે. ખાવામાં મારે કોઈ હદ નથી હોતી. ખવડાવનાર જ્યાં સુધી નહીં થાકે ત્યાં સુધી હું ખાધા જ કરું છું. દિવસના કોઈ પણ સમયે હું ખાવા માટે તૈયાર જ રહું છું. પરંતુ મને જમવામાં વધારે અનુકૂળ સમય વહેલી સવારનો છે અને હું જે જમું છું તે અન્યના પેટ માટે નહીં કે મારે માટે. તોય હું જમવામાં વધારે ને વધારે ઈચ્છા ધરાવું છું.

મારા સાથે મિત્રો મને જો વધારે દબાણમાં રાખો તો મકાઈના ગમે તેવા દાણાને પણ હું પાણીમાં બનવી રાબમાં જાય એવો કરી મુકું છું. મારા શરીરના ઘણાં બધા અલગ અલગ અંગો છે. જે દરેક અંગો પોત પોતાની જવાબદારી પૂર્વક કામકાજ સંભાળે છે. આ અંગો નીચે મુજબ છે. ૧.ખિલિયુ ૨. પથ્થરના બે પડ ૩. માટીનું અથવા લાકડાનું થાળુ ૪. માકડુ ૫. ફાડ.

ઉપર મુજબના દરેક ભાગોના સહયોગથી હું મારી પૂર્ણતાનું રૂપ ધારણ કરું છું. બાળમિત્રો, તમે મને ઓળખી ગયા હશો મારું નામ છે ઘંટી.

ઉખાણું :

એક જનાવર એવું કે તેને જેટલું ખવડાવે તેટલું
ખાય પણ ધરાય નહીં તે શું - ઘંટી



બાળમિત્રો, કેમ છો? અત્યારે કઈ ઋતુ ચાલે છે ? ચોમાસું. ચોમાસુ આવી જાય ત્યારે આપના બાપ-દાદા કયા કામે લાગે છે ?તેઓ ખેતી કરવાના કામમાં લાગી જાય છે. ખેતી કામમાં ખેતર ખેડવા માટે તેઓ શું વાપરે છે? કોઈ કહે છે કે ટ્રેક્ટર, તો કોઈક કહશે હળ.

ચાલો આપણે હળ ને ઓળખીએ.

હળ કોણ વાપરે છે ?

ક્યારે વાપરે છે ?


હળ શું કામમાં આવે છે ?

તે ક્યાં રહે છે ?

તે શેમાંથી બનેલું છે ?

તેની સાથે કોણ કોણ રહે છે?

હળ ન હશે તો શું થાય?



બાળમિત્રો, હળ એ આપણા સમાજમાં ખેતી કામ કરવાનું મુખ્ય સાધન છે. હળથી ખેતી ખેડાય છે. ચોમાસાની ઋતુ આવી જાય ત્યારે આપના બાપ દાદા ખેતરમાં બળદ દ્વારા ખેતરને ખેડવા માટે હળનો ઉપયોગ કરે છે. તે ખાસ કરીને ચોમાસાની ઋતુમાં જ વપરાય છે. અત્યારે તમે કદાચ જોતા હશો તો જ્યાં પાણી મળે છે તેને પિયત જમીન કહે છે.

ત્યાં તે ત્રણેય ઋતુઓમાં વપરાય છે. હળ એ ખાસ કરીને જમીનને ખેડવામાં અને જમીનમાં અનાજની અનાજની ઓરણી કરવામાં વપરાય છે. તે આપણા ઘરે પણ હશે. તે ઘરના ખૂણામાં, અડાળી માં રહે છે. તે ખાસ કરીને સાગના લાકડામાંથી બનાવેલું હોય છે. તેની સાથે બે બળદ હળ ચલાવનાર ખેડૂત, વરો(ઝુસરી)રાસ, પરોણો, ચવળુ વગેરે સાથે રહે છે. તો બાળકો જો હળ ન હશે તો આપણને રોટલી, રોટલા, શાકભાજી ખાવા માટે નહીં મળે.



રાજા કાકરી વીનો? (વારતા)

એક મોઠા નગાર અતા. તે નગારાઓ રાજા ખોડિયો પુણ જબરો ને ધરમી અતો. પરધાન, સિપાઈ ભી આયતીહી ભૂલ કરી લાખ્ખે તે તાંણી આવીજ બનની અહાં હમઝુનાં. રાજા હુકામ ઓફીને સિપાયાં આથે હાંકણીએથી બો બડવાડે. મોઠી ભૂલ વીની તે ભોહળાવી જ લાખે. બે તીન પરધાન તે હવારે હાજા ફિરયા કરે યુંવે ને હાંજે કાં અલપાત વી જાય તીં કુણી જાણે નાંય. લોકાંય ભી કાંય પુણ ભૂલ વીની તે બડવી બડવી ને ભોહળાવી જહો લાખે. વાટે પાક કાંય ભી પડનેલાં વે તે કુણાં વીસુની ઈમ્માત નાંય ચાલે. રાજાય જબરી ધાક. અડોહ પડોહાય રાજા ભી કુણી આંણા નાંવ નાંય લે. દેહદેહાવરમાં બંકાય ગોયલો. રાજા ખોડિયો અતો પુણ હાંચે વાટે ચાલે થતો. તી બધેં નાંય જાણે.

રાજા એક દિહ બંગ્લામાં બઠો અતો તાં વિચાર આમનો કા, " મેં પેલ્લે જલામમાં કા ધરામ કધેલાં તે માંણો ઈમીંઓ જલામ રાજાઓ વીનો." માં ઉલા દિહ અહો વિચાર નાંય આમ્નો આર્જિંજ કજે આમ્નો વી? માં માંણા સવાલાય જવાબ કુણ દી ? રાજા વિચારે ચડી ગુવો.

રાજેં તાબાડતોડ પરધાન હાયદા. પરધાન ભી વિચારું મંડના કા, 'રાજેં ઈમીં ને ઈમીં કજે હાયદા વી ? રાજા પાક આબદા આવી પડની વી કા ?' પરધાન વેલા આવી પુગના. રાજા આવી પુગતાં પરધાની સલામ ભયરી. રાજેં પરધાન આગળ સવાલ કધો કા, "મેં પેલ્લે જલામમાં કા ધરામ કધેલાં તે માંણો ઈમીંઓ જલામ રાજાઓ વીનો." રાજાઓ સવાલ



આયકીને બધા પરધાન વિચાર કરું લાગના. આંણો જવાબ તે આમું કાકરી ઓકું. ઘાભરાય ગુવા. આજ તે આવી જ બનના. તુલામાં રાજેં બધા પરધાન ઘણ એયરાં. તહા તહા પરધાના તે ચળ દેને વે. આખાર એક પરધાને આયખાં કા, 'આમું તે જવાબ ઓકુલાગ નાંય લાયાક પુણ દેહદેહાવરથા ધરામાય જાણકાર માણુંહ હાદા.' રાજા ચગરો અતો. વાત હમજી ગુવો. રાજેં આખા નગારામાં ઢંઢેરો પીટુંલાગ હુકામ કધો. આખા નગારામાં ઢંઢેરો પીટવાયડો કા, " આપડે રાજેં પેલ્લે જલામમાં કા ધરામ કધેલાં તે આંણો ઈમીંઓ જલામ રાજાયો વીનો." ઓ સવાલાય જવાબ હાચો દી તિયા રાજા અધ્ધાં રાજ ઓકુલાગ આય. આણો હાચો જવાબ નાંય ઓફાય તીયાં કોટડીમાં થવી દી. બાવાં વી તિયાં પન્નાયલાંય ધડખેં પોવાડી. આખા નગારામાં વાત પુગી ગોય.

રાજેં પાકાં કધેલાં દિહે બધ્ધાં જાણકાર જોસી, બાવા, ભગાત, ભુવા આમના. સાધારાણ બામણેં તે બો બધેં આમને. કુલાક તે વેહ બદલીને ભી આમના. બધ્ધાં એકીજ બીયાક કા હાંચો જવાબ નાંય ઓફાય તે કોટડી પાકી. મોઠી સભા ભરાયની. રાજેં આયખાં કા, "મેં પેલ્લે જલામમાં કા ધરામ કધેલાં તે માંણો ઈમીંઓ જલામ રાજાઓ વીનોઆય." અહાં આયકીને બાવી બો તલાહ કધી પુણ નાંય મેળ પડનો. જોષી ચોપડામાં હોધી ને આંગ્ઠીયા કાપા ગણી ગણીને ભંગ્ના. ભગાત, ભુવા ભી દેવાં પૂસી પૂસીને કમોલાય ગુવા. ઘણા તે ચીવનાંય ને મીંવ નાંય કરે. જવાબ હોધતાં હોધતાં તીન દિહ વી ગુવા. તીન દિહા હુધી સભા ચાલની પુણ કુણા બી હાચો જવાબ નાંય ઓફાયનો. બધ્ધાંય પોત્યેં ઢીલે વીંવ લાગને.

આજ ચોથો દિહ ઉલેં સેલ્લો દિહ. બધ્ધાં બો વિચાર કરું લાગના. આપડી દસા ભુંડી આવુંની. આપડે બધ્ધાં કોટડીએમાં જામના. રાજાય હુકામ આગાળ આપડાં કાંય નાંય ચાલી.

રાજેં ઢંઢેરો પીટેલો તીં વાત કાસી નગારામાં એક બામણ અતો તીયે જાયણી. કાસીયો બામણ વિચાર કરે કા, 'રાજેં સભા ભરેલી ને એમાં કુણાં જવાબ નાંય ઓફાયલો.' ઉલો તો કુલોક જબરો જવાબ વી ? મેં તે ગરીબડો બામણ આય પુણ રાજાય દરબારામાં જાય તે ખરો! જીં વીં !!!



બામાણ તે રાજાય રાજમાં આવી પુગનો. ચોકીદારે બામણા દરવાજા પાકી જ ઊભો રાખી દેધો. બામાણાઈ તે દંગડે ભી બો હાજેં નાંય પોધેલે. વેહ તિયાર પોવે ને ! ચોકીદારે બામણા તે બો પૂયસાં ને તપાહ કધી. બામણે આયખાં કા, 'માંણે રાજાય મીળુંના આય. રાજાય જવાબ મેં ઓકુલાગ આમ્નો આય. માં જાંવ દે.' ચોકીદાર બબડેત બબડેત બોલનો-

'તુંવા જહા તેં આં બાહ પડનેલાં આય. મોઠા મોઠા જાણકારા રાજાય જવાબ નાંય ઓફાયનો આય તે તું ઓફિહ કા? તાંણો તો આજ સેલ્લો દિહ આય. માઠે તું માડીજ વાળ.' (આ વારતા 'ધોડિઆ' ભાષામાં, વધુ આવતાં અંકમાં...ક્રમશઃ)



લડે તે પડે (વાર્તા)

એક મજાનું ખેતર હતું. તેમાં એક ઘટાદાર આંબો હતો. તેના થડની બખોલમાં તન અને મન નામના બે હોંશિયાર અને જ્ઞાની પોપટ રહેતા હતા. ખેતરમાં બીજા પક્ષીઓ પણ રહેતા હતા. સાંજ પડે એટલે તન અને મન પક્ષીઓની સભા ભરતા અને જ્ઞાનની વાતો કરતાં. આસપાસનાં બધાં પક્ષીઓ સાંભળવા આવતા. તન અને મનની ખેતરમાં અને આજુ બાજુના વિસ્તારમાં વાહ –વાહ થવા લાગી. તન અને મનના કારણે પક્ષીઓમાં સંપ પણ જંબરો હતો. આ ખેતરમાં એક બાજ પણ રહેતો હતો. તેને ‘બન્ને ભાઇઓની લોકપ્રિયતા જોઈને અદેખાઈ આવતી હતી. વળી તેને શિકાર કરવામાં નાના- નાનાં પક્ષીઓના માળા ઉપર તરાપ મરવામાં તકલીફ પડતી હતી. એટલે બાજને એક યુક્તિ સુઝી. તેની એક બાજુના ઝાડ પર એક રૂપાળી મેનાં રહેતી



હતી. તેને તન અને મન પાસે મોકલું, અને તેમની આગળ જઈ નાચગાન અને ગીતો ગાવાનું તેને વિચારયું, બન્ને ભાઈઓ મેનાનાં પ્રેમમાં પડી જશે. તેને પોતાની બનાવવાં અને તેની સાથે લગ્ન કરવા માટે મોટો ઝગડો થશે. આ બંને વચ્ચે મારા મારી થશે. તેઓ મારા- મારીમાં મારી જશે. એટલે હું મેનાને મોટું ઈનામ આપીશ. પછી ખેતરમાં આપણું રાજ ચાલશે.' બાજે મેનાને આખી વાત સમજાવી દીધી. એટલે મેના તો સોળે શણગાર સજીને ટન અને મન પાસે ગઈ. તેમની આગળ જઈને નાચવા ગાવા લાગી. તન અને મન તો રૂપાળી મેનાને જોઈને આનંદમાં આવી ગયાં. પછી મન કહે, 'મેના મારી છે તન કહે મેના મારી છે.' મેનાએ તો નાંચવા અને ગાવાનું ચાલુ રાખ્યું. આ બાજુ તન અને મન બહુ જ લડયા. તેઓ મેનાને માટે અંદરો અંદર મારા મારી કરવા લાગ્યાં. તેઓ બંને એક બીજાને પીંખી નાખ્યા. લોહી લુહાણ થઈ ગયા. છતાં લડવાનું અને એક બીજાને બચકાં ભરવાનું ચાલુ જ રહ્યું. આખરે તેઓ ઝગડી-ઝગડીને મરી ગયાં. મેના પોતાનું કામ પતાવી બાજ પાસે આવી અને તન અને મનના મોતના સમાચાર આપ્યાં. બજના આનંદનો પાર ના રહ્યો. સંપ અને શાંતિથી રહેતા. અને જ્ઞાનની વાતો કરતાં તન અને મન લડયા. તેનો બાજ પક્ષીએ લાભ ઉઠાવ્યો. અને મેનાને ઈનામ મળ્યું. 'લડે તે પડે' એમ કહી મેના ખેતરમાં મજાથી રહેવા લાગી. બાજને પણ શિકાર કરવાની અને હેરાન કરવાની તક મળવા લાગી.




સ્ટીમ ઍન્જિન

આજે તો જાતજાતની સુંદર મોટરકારો તેમજ હવામાં ઊડતા ઝડપી અને જંગી વિમાનોની બોલબાલા છે. આ બંને વાહન વ્યવહારોના સાધનોએ ટ્રેનોનું મહત્વ કંઈક અંશે ઓછું કરી નાખ્યું છે. જોકે સૌથી વધુ ઊતારુંઓની હેરફેર તો ટ્રેનો દ્વારા જ થાય છે. આ ટ્રેનો કયારે શોધાઈ? તે જાનો છો? તો ચાલો તે અંગે થોડું જાણીએ. કોલસોની ખાણમાં ફાયરમેનની નોકરી કરતા પિતાને ત્યાં ઇ.સ.૧૭૮૧માં જયોર્જનો જન્મ થયો હતો. ગરીબાઈને કારણે ૧૫વર્ષની ઉમંરેથી તે પિતાના કામમાં મદદ કરાવવા જતો હતો. પણ તેને ભણવાનું એટલું ગમતું કે કામ કરીને થાકીને ઘરે આવે પછી પણ રાત્રે મીણબત્તીના અજવાળામાં વાંચવા બેસે.


નાનપણથી જ જયોર્જને સંશોધનોમાં ભારે રસ હતો. તે સમયે સ્ટીમ એન્જિન બનાવવામાં અનેક યુવાનોને ભારે રસ પડતો હતો. તે વખતે કોલસા ભરેલા વેગનો માણસો એક જગ્યા એથી બીજી જગ્યાએ ખેંચી ને લઇ જતા. રોજ આ દૃશ્ય જોઇને તેને થયું કે આ વેગનોને ખેંચવા એન્જિન બનાવ્યું હોય તો, માણસોને આટલી કાળી મજુરી કરવી ન પડે અને કામ ઝડપી થાય. તે ભેજાબાજ છોકરો હતો. તેણે જાતજાતના પ્રયોગો કર્યા અને આખરે હવે એન્જિન સાથે જોડાયેલા ડબાઓમાં કોલસાની હેરફેર થવા લાગી. આમ દુનિયામાં રેલવે નો સૌપ્રથમ ઉપયોગ કોલસાની ખાણ માટે કરવામાં આવ્યો. તેણે તેનું પહેલું સ્ટીમ એન્જિન ઇ.સ.૧૮૧૪માં બનાવ્યું. પોતે રેલવે લાઈન નાંખવામાં પણ કુશળ હતો. થોડા જ સમયમાં તે ક્ષેત્રમાં તેનું મોટું નામ થઈ ગયું. જગતની પહેલી રેલવે ઇંગ્લન્ડમાં સ્ટોકટન અને ડાર્લિંગ્ટન વચ્ચે

નાંખવામાં આવી હતી. તેનુ ઉદઘાટન ઈ.સ.૧૯૨૫માં થયું. અને તેનો તરવરિયો એન્જિન ડાયવર હતો જયોર્જ સ્ટીફન્સ. આ એન્જિન સ્ટિફન્સને જ બનાવેલું અને તેનું નામ હતું લોકોમોશન. આ બનાવથી જગતભરમાં ભારે ઉતેજના અને સનસનાટી વ્યાપી ગઈ હતી. લોકો હરખઘેલા થઈ ગયાં હતાં.

પછી જયોર્જને વિચાર આવ્યો કે આવી ગાડીમાં માણસો બેસાડીએ તો કેવું? એ જમાનામાં તો લોકો પગે ચાલતા કે ઘોડા જેવા પ્રાણીઓ પર બેસીને મુસાફરી કરતાં. એણે ખૂબ મહેનત કરીને એન્જિનમાં સુધારાવધારા કર્યા. ૧૮૨૩માં રેલવે નો યુગ હવે શરુ થઈ રહ્યો હતો. એન્જિન તેમાં મુખ્ય હતું. તેની ગુણવત્તા સુધારવા માટે બ્રિટિશ સરકાર તરફથી એક હરીફાઈ જાહેર કરવામાં આવી. દરેક પ્રકારની કસોટીમાંથી પાર ઊતરે તેવું એન્જિન બનાવનારને ૫૦૦ પાઉન્ડનું ઈનામ જાહેર કરવામાં આવ્યું. હરીફાઈમાં પાંચ એન્જિનનો રજુ થયાં. જયોર્જ સ્ટીફન્સે ધ રોકેટ નામનું એન્જિન રજુ કર્યુ હતું. વિશ્ર્વભરની પેહલી પેસેન્જર ટ્રેનનો તે સારથિ બન્યો. કલાકના ૪૫ કિલોમીટરની ઝડપે દોડતી આ ટ્રેનનો રુઆબ જોઈ લોકો દંગ થઈ ગયા. વરાળથી ચાલતી ટ્રેનોએ લીધું અને પછી વીજળીથી દોડતી ટ્રેનો આવી ગઈ. અત્યંત ઝડપ ધરાવતી ટ્રેનો પણ દોડતી થઈ ગઈ છે.



ઉખાણાં



૧. નારી પણ નિર્બળ નહી, કાળી પણ નહીં કોયલ, વસે દદરે પણ નાગળ નહીં.

- તલવાર

૨. એક જનાવર ઈતું પુંછડે પાણી પીતું એનું માથું મુડદાલ એની કેડ ખબરદાર.

- દીવો

3. કાળો છે પણ કાગ નહિ, લાંબો છે પણ નાગ નહિ, તેલ ચઢે પણ હનુંમાન નહિ, ફુલ ચઢે પણ મહાદેવ નહિ.

- ચોટલો

૪. વન વગડામાં લોહીનું ટીપું એટલે શું?

- દડો

૫. વન વગડામાં ડોશી દાંત કાઢે.

- કપાસનું ફૂલ

૬. જાય જાયને પાછું વળી ન જુએ એટલે શું?

- કામઠાંથી મારેલું તીર

૭. એક બહેનને બતીસ ભાઈ?

- દાંત

૮. આકાશમાં માળોને નીચે ઈંડા?

- મહુડા

૯. એક જનાવર અચરો-કચરો બધું જ ખાય પણ પાણી પીતાં મરી જાય?

- આગ

૧૦. આંઠ પગની ઊંટડી અને પીઠ ઉપર પુંછડી?

- ત્રાજવા



૧૧.વાચાવિણ બોલ્યા કરે, ચાલે છે વિના પગે, કાંટા પણ વાગે નહિ,
જાણે આખું જગ.
- ઘડિયાળ

૧૨. પઢતો પણ પંડિત નહીં, પૂર્યો પણ નહિ ચોર, ચતુર હોય તો ચેતજો,
મધુરો પણ નહી મોર.
- પોપટ

૧૩. પંદર દિવસ વધતો જાય, પંદર દિવસ ઘટતો જાય સૂરજની તો લઈ સહાય
અજવાળાં પાથરતો જાય.
- ચંદ્ર

૧૪. પીળો પણ પોપટ નહિ, કાળો પણ નહિ નાગ, પાંખો પણ પંખી નહિ,
ડસે પણ નહિ નાગ.
- ભમરો

૧૫. ચડે નાક પકડે કાન, બોલ બચ્ચા કોણ હૈ, સેંતાન.
- ચશ્મા

૧૬. વેત જેવડી વરખડી ને ડાલ જેવડુ ફુલ,
કાચા કમળનું નીપજે ને પાકાનું થાય મુલ.
- કપાસ

૧૭. એક પશું જે બીકણ દાસ, વનવગડામાં રહેતું,
શરીર સુવાળું મોટા ઝારી માંથી જોતું.
- સસલુ

૧૮. પાંચ પડોશી, વચમાં અગાશી.
- હથેળી

૧૯. મારી પૂછે લાંબાવાળ, સવારમાં જ હું સારો જોડાઉ હું ટાંગા. - મૂળો



ફરી મળીશું

વ્હાલા વાચકો,


તમારી શાળાઓ હવે સારી રીતે ચાલુ થઈ ગઈ હશે. તમને નવા નવા મિત્રો મળ્યા હશે. કેટલાક બાળકોને કદાચ ઘર, મા-બાપ, ભાઈ-બહેન કે ગામ છોડીને બીજા ગામમાં કે શહેરમાં ભણવા માટે જવું પડયું હશે. ખરેખર આ અનુભવ કયારેક દુખદ પણ હોય છે. આપણી ઉંમર નાની હોય, આપણે ઘરે કામ ન કર્યુ હોય તો શરુઆતમાં થોડું અઘરુ લાગતુ હોય છે. પરંતુ સમય જતા આપણે બધુ જ શિખી જતા હોઈએ છીએ. શાળામાં નવા બાળકો પણ દાખલ થતા હોય છે. તમારી સાથે પણ નાના ભાઈ-બહેન કે પડોશીઓ આવતા હશે. તેમાંથી કેટલાક મિત્રોને ભણવાનું કે શાળાએ આવવાનું નહીં ગમતુ હોય, તો તેમને તમે પ્રેમથી સાથે રાખજો. તેમને સમજાવજો. તેમને તમારી સાથે રમાડજો. તેમને આખો દિવસ સાચવજો અને સાંજે પાછા સારી રીતે ઘરે લઈ દદો. હંમેશા બીજાને નાની મોટી મદદ કરીએ તેમાં મજા આવતી હોય છે અને મોટા વડીલો કે આપણા શિક્ષકોને એ ખૂબ ગમતું હોય છે. શાળામાં કયારેક આપણા મિત્રો સાથે આપણે રમત કે મસ્તીમાં એકબીજાના શરીરને વગાડી દેતા હોઈએ છીએ તો તે પણ સારું નથી. આપણા શિક્ષકો બધા સારા જ હોય છે અને આપણને એમની પાસે જે કઈ સારુ કે સુંદર હોય છે તેને આપવાનો પ્રયત્ન કરતા હોય છે. શિક્ષકોની સાચી અને સારી વાતો ધ્યાનથી સાંભળીશું અને શિખશું તો આપણા જીવનનો પાયો મજબૂત બનશે.

તમે જ્યાં છો તે ગામમાં કદાચ વરસાદ હશે અને ન પણ હોય. આપણા ગુજરાતમાં વરસાદ વહેલો થઈ રહ્યો છે. વનસ્પતિ, પશુ-પ્રાણીઓ કે મનુષ્યને પાણી અને ખોરાક વરસાદ વગર મળતા નથી. આપણે સૌ અને ખેડૂતો ખૂબ ચિંતામાં છે. માર્ચ મહિનાના પત્રમાં મેં તમને વૃક્ષો અને જંગલ વરસાદ લાવવામાં મદદરુપ થતા હોય છે એવી વોતો કરી હતી. બધાજ એક બીજા સાથે જોડાયેલા છે. વૃક્ષો હોય તો વરસાદ

અને પીવાનું પાણી મળે, વરસાદ હોય તો ઝાડ-પાન-વનસ્પતિ, જીવજંતુઓ, રેતી, પથ્થર, પશુપક્ષીઓ વગેરેમાંથી આપણને માટી, મળે. માટી એટલે કે જમીનમાં ખેતી થાય, ખેતી થાય તો આપણને ખોરાક મળે અને વૃક્ષો, માટી પથ્થર, રેતી વગેરેમાંથી રહેવા માટે ઘર બને. આમ પાણી વૃક્ષો, જમીન અને જમીનના નીચેથી નીકળતી લોખંડ, એલ્યુમિનિયમ, પેટ્રોલ, કોલસો તેમજ ચૂના જેવી પેદાશોને આપણે ખૂબ કાળજી પૂર્વક સાચવવી પડે. ખાસ કરીને આપણે જયાં રહીએ છીએ તે જમીનની નીચે પૂષ્કળ ખનીજ સંપતિ છે પરંતુ આપણને એ સંપતિ વિશે ખબર નથી. કયારેક આપણને ભણીએ છીએ એ ભણતરના પાઠ્યપુસ્તકોમાં પણ આપણા ગામનો ભુગોળ વિશે કયાંક આવ્યુ નહીં હોય તેને કારણે આપણને આપણા ગામની જમીન, પર્યાવરણ, જંગલના ઝાડ, ઔષધિઓ, પથ્થર, ખનીજ વગેરે વિશે જાણકારી થતી નથી. પરંતુ આવી ચર્ચાઓ દરેક શાળામાં કરવી જોઈએ કારણ કે સ્થાનિક ભૂગોળને જો વધારે સમજીએ તો જ વિશ્રવના ભુગોળને આપણે સારી રીતે સમજી શકીએ એવું જ આપણા પર્યાવરણ અંગેના ભણતરનું પણ છે. આપણને અસંખ્ય ઘાસ, વૃક્ષ વેલાઓની ઓળખ હોય છે. તેના ગુણો પણ આપણે જાણીએ છીએ પરંતુ પર્યાવરણ અંગેના ભણતરમાં આપણા ગામના મહુડા કે બહેડાની વાત આવતી નથી. તેથી આપણે દેશના અન્ય ભાગોમાં આવેલા વૃક્ષો વિશે માત્ર નામ સાંબળીએ છીએ પરંતુ એના દેખાવ કે ગુણોથી પરિચિત થતા નથી. તેથી આપણા ગામના ઝાડવાઓનું જ્ઞાન દેશના અન્ય વૃક્ષોના જ્ઞાન સાથે જોડાતુ નથી. આ અનુભવથી મેળવેલું જ્ઞાન બીજા જ્ઞાન ને સમજવામાં મદદરુપ થાય છે. આ વર્ષે આપણા ખેતરના મહુડાઓમાં ડોડીઓ બેઠી નહીં, આંબા ઉપર કેરીઓ આવી નહીં તો આપણે આના વિશે વિચારવું જોઈએ કારણ કે મહુડાના ઝાડ ઉપર ડોડીઓ બેસવા માટે ઠંડુ વાતાવારણ જરુરી છે. આપણે આપણી જરુરિયાતો જેવી કે બસ, મોટર, મોટરસાઈકલ, ખેતી માટે ખાતરો અને દવાઓ, આપણા અને પશુઓ માટે દવાઓ, કપડાં, સાબુ, લોખંડ વગેરેના સાધનો, વૃક્ષોમાંથી ઘર અને અંદરના સાધનો વગેરે માટે મોટા-મોટા કારખાનાઓ બનાવીએ છીએ. ખેતી કરવા ઊંડા કૂવા (બોર) કે મોટા-મોટા બંધો

નદીઓ પર બાંધીએ છીએ. પાકા રસ્તાઓ અને પાકા મકાનો પણ કેટલીક વખતે ન જરુર હોય તો પણ બનાવીએ છીએ. આમ કરવાથી ખેતીની જમીનો બગડતી જાય છે. કારખાનાઓને લીધે વાતાવરણમાં પ્રદુષિત વાયુઓ (અંગારવાયુ, ફલોરાઈડ, કલોરાઈડ, સલ્ફર ડાયોકસાઈડ)થી ગરમી વધે છે તેમજ ઔધોગિક કચરાથી પાણી અને જમીન પ્રદુષિત થાય છે. આમ હવા, પાણી અને જમીન બગડતા જાય છે. તેથી વિશ્ર્વમાં આપણે આવી ઘણી બધી સમસ્યાઓ જેવી કે પીવાનું પાણી, જમીનમાંથી રણ બનવું, આપણને જુદા-જુદા રોગો થવા, ખેતીમાં પાક ન થવો, વૈશ્ર્વિક તાપમાનમાં વધારો વગેરેના ભોગ બનીએ છીએ. આ બધુ સમજવા માટે વૈજ્ઞાન આપણને ખૂબ મદદરુપ થાય છે એટલે જ આપણે વિજ્ઞાનના અભ્યાસને ખૂબ મહત્વ આપીએ છીએ. પહેલાના જમાનામાં અને અત્યારે પણ આપણે માંદા થઈએ કે વરસાદ ન આવે તો ગેર માન્યતાઓમાં ધકેલાઈ જઈએ છીએ જેનાથી આપણે કયારેક ખૂબ મોટું નુકશાન વેઠવું પડે છે. તેથી આપણે ભણતર લેનારાઓએ આપણા ગામમાં જે કંઈ પણ પર્યાવરણમાં થતા ફેરફારો દેખાય કે અન્ય કોઈ પ્રકારના ફેરફારો જોવા મળે તો તેને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવું જોઈએ.આથી જ સંયુકત રાષ્ટ્રસંઘે (યુનો) ૫ મી જૂનને વિશ્ર્વ પર્યાવરણ દિવસ તરીકે ઊજવવાનું નક્કી કરેલ છે. આ વર્ષે આપણી સાથે જોડાયેલ વિદ્યાર્થીઓ, શિક્ષકો, કાર્યકર્તાઓ અને મિત્રોએ આજ દિવસથી લીલા વિકાસ પ્રવાસનું ગુજરાતના પૂર્વ વિસ્તારમાં આયોજન કર્યુ હતું. કદાચ અમે આપના ગામમાં આવ્યા પણ હોઈશું પરંતુ આપણી સિધી ઓળખાણ ન હોવાથી વાતચિત કે મળવાનું થયુ નથી. અમે દરેક ગામમાં કોઈ બાળકો ભૂખ્યા ન રહે, માંદા ન રહે, ભણ્યા વગરના ન રહે, ઘરનુ વગરના ન રહે, તેમ છતાં પર્યાવરણ એટલે કે હવા, પાણી, જમીન, જંગલ, ખનીજસંપત્તિ, જીવ જંતુ, પશુ અને આપણે પણ સચવાઈ રહીએ કે જેથી આપણા ગામની નદીઓમાં બારે માસ પાણી રહે, લીલા છમ જંગલો રહે અને સૌ લોકો તંદુરસ્ત રહે, નાચે-કુદે અને ખૂબ મઝામાં જીવન વિતાવે એવી વોતો ખૂબ કરી છે. તમે પણ ઘરે અને ગામમાં આવી બધી વાતો કરશો ને?





Adivasi Academy, Tejgadh

bhasha

Bhasha Research and Publication Centre